# અપ્રમાણ સંપત્તિ કેસમાં જયલલિતા નિર્દોષ



સુવિચાર : જ્યોતિષને મળવાનું રહેવા દે, રેખાઓ જોવડાવવાનું રહેવા દે.. આવ્યો છે જીવવા, જીવી લે... જિંદગીનું અંદાજપત્ર કાઢવાનું રહેવા દે... - ભરત વિંઝુડા


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૬૨ | ૧૨ મે, ૨૦૧૫, મંગળવાર ; વૈશાખ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## વર્ગ-૩ કર્મચારીઓના વાર્ષિક મુલ્યાંકન માટે નવી પદ્ધતિ

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય સરકારના વર્ગ-૩ના કર્મચારીઓની કામગીરીના વાર્ષિક મુલ્યાંકન માટે ખાનગી અહેવાલને બદલે કામગીરી મૂલ્યાંકન અહેવાલ પદ્ધતિ દાખલ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. આ નવી પદ્ધતિ ૧-૪-૨૦૧૫થી અમલી બનાવવામાં આવી છે.

સરકારી કર્મચારીઓની કામગીરીની વાર્ષિક મૂલ્યાંકનના હેતુ માટે હાલની ખાનગી અહેવાલ લખવા અંગેની સૂચનાઓ તથા ત્યારબાદ ખાનગી અહેવાલ સંબંધિત તમામ સૂચનાઓ વર્ગ-૩ના કર્મચારીઓ પુરતી ૩૧-૩-૨૦૧૫ની અસરથી રદ કરવામાં આવી છે. અને રાજ્ય સરકારના વર્ગ-૩ સંવર્ગના તમામ કર્મચારીઓની વાર્ષિક કામગીરીના મૂલ્યાંકન માટે કામગીરી મૂલ્યાંકન પદ્ધતિ ૧-૪-૨૦૧૫ની અસરથી અમલમાં લાવવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓની કામગીરીના વાર્ષિક મુલ્યાંકન માટે નવી દાખલ કરવામાં આવેલ કામગીરી મુલ્યાંકન અહેવાલની પદ્ધતિમાં ૧૦૦ ગુણ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં કર્મચારીની કાર્ય ઉત્પાદકતા, જેમ કે નિયત કરેલ કામની પરિપૂર્ણતા કરેલ કામની ગુણવત્તા સહીતની ૬ જેટલી બાબતો માટે ૨૫ ગુણ રાખવામાં આવ્યા છે.

જયારે વ્યક્તિગત વિશેષતાઓના મુલ્યાંકન માટે ૫૦ ગુણ રાખવામાં આવ્યા છે. આ માટે કર્તવ્ય તત્પરતા કામ પ્રત્યેનું વલણ, જવાબદારીની ભાવના શિસ્ત અને વર્તણુંક નિયમિતતા ટીમ ભાવના આંતર વ્યક્તિગત સંબંધો અને લાગણીઓમાં સ્થિરતા સહીતની બાબતો અંગેનું મુલ્યાંકન કરવામાં આવશે.

આ ઉપરાંત કાર્યક્ષમતાના મુલ્યાંકન માટે ૨૫ ગુણ રાખવામાં આવ્યા છે. જેમાં કાયદાઓ નિયમો પ્રક્રિયાઓ આઈટીની જાણકારી જોગવાઈ ટાંકવાની ક્ષમતા મુસુદ્દા લેખનની આવડત સહીતની ૬ જેટલી બાબતોનું મુલ્યાંકન કરવામાં આવશે. આમ જુદી જુદી કામગીરીઓ અંગેનું મુલ્યાંકન કરીને કુલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવાના રહેશે.

## પ્રાંત અધિકારી તરીકે રાકેશ વ્યાસે ચાર્જ સંભાળ્યો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર પ્રાંત અધિકારી તરીકે નિયુક્ત થયેલ શ્રી રાકેશ વ્યાસે આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળ્યો છે.

ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી સુધીર પટેલની બદલી રેવન્યુ ટ્રિબ્યુનલમાં કરાતાં આ જગ્યા પર શ્રી વ્યાસની નિમણુંક કરવામાં આવી છે.

શ્રી સુધીર પટેલે આજે તેમના પ્રાંત અધિકારી તરીકે હોદ્દાનો ચાર્જ શ્રી વ્યાસને સોંપતા તેમને જિલ્લાના મહેસુલી કર્મચારીઓ દ્વારા વિદાય આપવામાં આવી છે

આજે મામલતદાર દબાણ તરીકે શ્રી જે.બી. રાવલે પણ તેમના હોદ્દાનો ચાર્જ સંભાળ્યો છે.

## પ્રકૃતિનો અલૌકિક નજારો



(તસવીર : કશ્યપ નિમાવત)

# સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદ

### રાજકોટ ઉપરાંત અમરેલી, ધારીમાં પણ ભારે વરસાદ : સાપરમાં કરા પડતા લોકોમાં ભારે આશ્ચર્ય : ફરી કમોસમી વરસાદથી ખેડૂત સમુદાય ચિંતાતુર : હવામાનમાં પલટો છતાં તાપમાન હજુ પણ ઉંચુ નોંધાયું

અમદાવાદ,તા. ૧૧

સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં આજે હવામાનમાં એકાએક પલટો આવ્યા બાદ જોરદાર ધોધમાર વરસાદ તુટી પડ્યો હતો જેના કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાઈ ગયા હતા. જે વિસ્તારોમાં આજે ભારે વરસાદ થયો હતો તેમાં અમરેલી, રાજકોટનો સમાવેશ થાય છે. રાજ્યના અન્ય ભાગોમાં હળવો વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. અમરેલી જિલ્લામાં પ્રચંડ પવન સાથે વરસાદ પડ્યો હતો. સાપરમાં કરા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. આજે એકાએક કમોસમી વરસાદના પરિણામ સ્વરૂપે ખેડૂત સમુદાયમાં ફરી એકવાર ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. હાલમાં જ કમોસમી વરસાદના કેટલાક રાઉન્ડ યોજાઈ ચુક્યા છે, જેના કારણે કેરી સહિતના પાકને નુકશાન પણ થઈ ચુક્યું છે. આજે ફરીએકવાર ભારે વરસાદ તુટી પડ્યો હતો.રાજકોટથી પ્રાપ્ત અહેવાલ મુજબ આજે સાંજે પાંચ વાગ્યા બાદ રાજકોટમાં એકાએક હવામાનમાં પલટો આવ્યો હતો અને તોફાની પવન સાથે વરસાદ તુટી પડ્યો હતો. શહેરના કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ થયો હતો. મધ્ય રાજકોટમાં પણ હળવો વરસાદ થયો હતો. બીજીબાજુ હવામાન વિભાગ દ્વારા આગાહીમાં જણાવાયું છે કે, ગુજરાત રાજયના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવો વરસાદ હજુ પણ પડી શકે છે. હવામાન વિભાગનું કહેવું છે કે આગામી ૪૮ કલાકમાં રાજ્યના જુદા જુદા ભાગોમાં હળવા વરસાદી ઝાપટા ગાજવીજ સાથે પડી શકે છે. હવામાન વિભાગથી હિટવેવની કોઈ ચેતવણી જારી કરાઈ નથી. સૌથી આશ્ચર્યજનક બાબત એ રહી હતી કે, આજે અમદાવાદ શહેરમાં કાળઝાળ ગરમીનું મોજું ફરી વળ્યું હતું. બીજીબાજુ જે વિસ્તારમાં ભારે વરસાદ થયો હતો તે રાજકોટમાં ૪૨.૫ તાપમાન નોંધાયું હતું. જ્યારે અમરેલીમાં પણ ૪૨ ડિગ્રી તાપમાન રહ્યું હતું. રાજ્યના અન્ય જે ભાગોમાં આજે તીવ્ર ગરમી નોંધાઈ હતી તેમાં ગાંધીનગર, ડિસા, વડોદરા, સુરેન્દ્રનગર, કંડલા એરપોર્ટનો સમાવેશ થાય છે.

અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી રહ્યું હતું. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ રહી શકે છે. હિટવેવની કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં ન આવી હોવા છતાં ગરમીથી કોઈપણ પ્રકારની રાહત મળી નથી. તાપમાનમાં ઉતારચઢાવ જારી રહે તેવી શક્યતા છે. ગરમીના કારણે આજે પણ લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.ગરમીના પરિણામ સ્વરૂપે બેભાન થવાના અને ઝાડા ઉલ્ટી, છાતીમાં દુઃખાવો અને અન્ય ગરમી સંબંધિત ઈમરજન્સીના બનાવો પણ નોંધાયા હતા.

હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં હાલમાં પારો ૪૦થી ૪૨ની વચ્ચે રહી શકે છે. બીજી બાજુ ગરમી સંબંધિત રોગચાળામાં વધારો થયો છે. ગરમીના કારણે બેભાન થવાના, પેટમાં ઈન્ફેક્શન થવાના કિસ્સાઓમાં વધારો થયો છે. બહારની ચીજવસ્તુઓ હાલમાં ન ખાવાની સલાહ પણ આપવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા અને ખાસ કરીને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ પગલા ગરમીથી બચવા માટે લેવામાં આવ્યા છે જેના ભાગરુપે કોર્પોરેશન સંચાલિત બગીચાઓમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.





Your DREAM BUSINESS deserves a DREAM LOCATION

શિવાલય Shops & Offices

Project by S. R. INFRASTRUCTURE

The perfect business environment with pleasing variations...




Shops & Offices space ranging in size from 400 sq. ft. to 1800 sq. ft.

Perfect union of retail, office spaces & recreation

Flexible plan

Retail space with maximum visibility

Best investment, Best location

Site
Reliance-Infocity Road, Nr. Pramukh Arcade,
Opp. Kanam Residency, Kudasan, Gandhinagar

Exclusively Marketed by
tps The Property Shop
Call
Alpesh Patel
97236 71067
www.thepropertyshop.in



દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ
અશ્રુભીની શ્રદ્ધાંજલિ



સ્વ. નલિનીબેન ભુપતરાય જોષી
સ્વર્ગવાસ : તારીખ ૧૨-૫-૨૦૧૩
સંવત ૨૦૬૯, વૈશાખ સુદ બીજ

કાળની કેડી દિવસ ગણતી રહી,
આંખ કોરી ક્યાં અમારી થઇ શકી?
પળ પછી પળ ભલે વીતતી રહી,
યાદ ઓછી ક્યાં તમારી થઇ શકી?
વર્ષ વીત્યા બે છતાંય આપણી,
લાગણીઓ ક્યાં પરાઇ થઇ શકી?
મૃત્યુની તાકાત બિચારી આપના,
સ્નેહથી ક્યાં સવાઇ થઇ શકી?

પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ આપે એવી પ્રાર્થના.

હીરાલક્ષ્મી ભુપતરાય જોષી (માતા)
સરોજબેન વિજયકુમાર ત્રિવેદી (બહેન) | ડૉ. મુકેશ ભુપતરાય જોષી (ભાઇ)
ભાવનાબેન ઉપેન્દ્રકુમાર વ્યાસ (બહેન) | શ્રીમતિ તૃપ્તિ મુકેશ જોષી (ભાભી)

"શિવસદન", ૭૬૨ / ૨, જાગૃતિપાર્ક, સેક્ટર - ૩૦, ગાંધીનગર
ફોન નં. ૦૭૯ - ૨૩૨ ૬૦૭૬૪